PRESS MONITOR

| Publication | Western Times |
|---|---|
| Edition | Ahmedabad, Rajkot |
| Date | September 14, 2016 |
| Page | 02 |

---

## Elanpro launches its First Experience Center in Ahmedabad

# એલાનપ્રો દ્વારા અમદાવાદ ખાતે પ્રથમ એક્સપિરિયન્સ સેન્ટરનો પ્રારંભ

**અમદાવાદ,**
ભારતની અગ્રણી કોમર્શિયલ રેફ્રિજરેટર કંપની એલાનપ્રો (એલાન પ્રોફેશનલ એપ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ)એ આજે અમદાવાદ ખાતે તેના ફસ્ટ એક્સપિરિયન્સ સેન્ટરનો પ્રારંભ કર્યો છે. હેવમોર ગ્રુપ ઓફ કંપનીના સીએમડી શ્રી પ્રદીપ ચોના અને એલાનપ્રોના ડિરેક્ટર શ્રી સંજય જૈન દ્વારા તેનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. છેવટ સુધીના અમલીકરણની સુવિધા ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે એલેનપ્રો એક્સપિરિયન્સ સેન્ટર રેફ્રિજરેટર ઉત્પાદનોની વિશાળ શ્રેણી રજૂ કરશે તેમ જ ઉત્પાદનોનો સરળતાથી કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે ગ્રાહકોને યોગ્ય કન્સલ્ટીંગ સેવાઓ પણ પૂરી પાડશે. ગુજરાતમાં એલાનપ્રોનું ફસ્ટ એક્સપિરીયન્સ સેન્ટર આશરે ૩૦૦ સ્વેર ફીટ વિસ્તારમાં ફેલાયેલ છે. એલાનપ્રો વર્ષ ૨૦૧૬ સુધીમાં ૫૦ એક્સપિરીયન્સ સેન્ટરો ખોલવાની યોજના ધરાવે છે. કંપનીએ અગાઉ ચેન્નાઈ, પુણે, દિલ્હી, લખનૌ, આગ્રા, જયપુર, ચંડીગઢ, અને વારાણસી સહિત અન્ય ઘણા બધા સ્થળો ખાતે અત્યાધુનિક સુવિધાઓ શરૂ કરેલી છે. ઉદ્‌ઘાટન પ્રસંગે એલાનપ્રોના ડિરેક્ટર સંજય જૈને જણાવ્યું હતું કે "અમે નવીનિકરણ તેમ જ અત્યાધુનિક ઉત્પાદનોની વિશાળ શ્રેણીને રજુ કરવાના વલણને જાળવી રાખી આગળની શક્યતાઓને જોઈ રહ્યા છીએ તેમ જ સ્થાનિક પહોંચ સાથે ગુણવત્તાયુક્ત સેવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ. અમે ઈચ્છીએ છીએ કે અમારા ગ્રાહકો સંપૂર્ણપણે માહિતગાર બને તેમ જ ખરીદી કરતા પહેલા અમારા ઉત્પાદનો અંગે અહેસાસ કરે. કોમર્શિયલ રેફ્રિજરેશન માટે સતત માગમાં વધારો થઈ રહ્યો છે અને એલાનપ્રો એક્સપિરીયન્સ સેન્ટર તેના ગ્રાહકોને નવિનત્તમ ટેકનોલોજી, વીજળીના કરકસરયુક્ત વપરાશ, ગુણવત્તા, અનુકૂળતા તેમ જ ડિઝાઈન અંગે સમતુલન ધરાવતા શ્રેષ્ઠ રેફ્રિજરેટર સોલ્યુશન્સ અંગે અહેસાસ કરવાની એક અનેરી તકની ઓફર કરે છે. એલાનપ્રોનું વિશાળ પહોંચ ધરાવતું નેટવર્ક ઔદ્યોગિક રેફ્રીજરેશન માર્કેટમાં પણ જોવા મળે છે તેમ જ તે ગ્રાહકોના સંતોષની સિમાચીન્હરૂપ સ્થિતિને પણ સુનિશ્ચિત કરે છે. કંપની અંતરિયાળ વિસ્તારોમાં નોંધપાત્ર ઉપસ્થિતિને વધારવા સાથે મેટ્રો શહેરો ઉપરાંત ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં પણ પોતાની ઉપસ્થિતિને વિસ્તારી રહી છે. કંપની ઈન્દ્રો, ભોપાલ અને ગોવામાં પણ પોતાના કેન્દ્રો ખોલવાની યોજના ધરાવે છે. એલાનપ્રો એક્સપિરિયન્સ સેન્ટર ટેકનોલોજીની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે, અલ્ટ્રા-મોર્ડન શોરૂમ વેચાણ બાદ આપવામાં આવતી સેવાઓની સુવિધા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલ છે. ઉત્પાદનો અંગે માહિતી મેળવવા એલાનપ્રો એક્સપિરિયન્સ સેન્ટર, જીએફ-૬, ટ્રેડ સેન્ટર સ્ટેડિયમ સર્કલ, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત ખાતે મુલાકાત લેવા જણાવાયું છે.